ખૂશી-આનંદની આપણે જેટલી લ્હાણી કરીશું તેટલી તે આપણી પાસે વધારે આવશે
- વિક્ટર હ્યુગો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૧૭ | ૬ જુલાઇ ૨૦૧૨, શુક્રવાર, અષાઢ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# ચૂંટણી પંચે રાજયની મુલાકાત ટૂંકાવી

## બે દિવસના બદલે હવે એક જ દિવસના પ્રવાસે પંચ આવશે : સોમવારે પંચના આગમનને લઈ બેઠકોનો ધમધમાટ

ગાંધીનગર, તા.૫

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની સમીક્ષા માટે આવી રહેલ કેન્દ્રીય ચૂંટણી પંચે આજે તેનો પ્રવાસ ટુંકાવી એક જ દિવસની મુલાકાત રાખી છે.

કેન્દ્રીય ચૂંટણી પંચે તેના ગુજરાતમાં ટુંકાવેલા કાર્યક્રમને પગલે પંચ આખો દિવસ મિટીંગોમાં વ્યસ્ત રહેશે. પંચ સવારે કલેકટર, જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને પોલીસ વડાઓ સાથે સંયુકત બેઠક કરશે.

આ પછી પંચ રાજયના મુખ્ય સચિવ શ્રી અચલકુમાર જયોતિ તથા પોલિસ વડાને અલગ અલગ મળશે ત્યારબાદ પંચ રાજકીય પક્ષોના આગેવાનો સાથે પણ અલગથી બેઠક યોજશે.

પંચ દ્વારા અગાઉ ૯ અને ૧૦ જુલાઈના રોજ ગુજરાતના પ્રવાસ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. હવે પંચ ૯મીએ સવારે જ આવશે અને સાંજે વિમાન માર્ગો દિલ્હી પરત જશે.

નવનિયુકત ચૂંટણી કમિશ્નર શ્રી સંપટના નેતૃત્વમાં પંચ વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ સંદર્ભે પ્રથમવાર ગુજરાત આવી રહ્યું છે.

મળતી વિગતો મુજબ રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીઓને લઈ પંચે તેનો કાર્યક્રમ હાલ ટુંકાવી દીધો છે. તેમજ પંચ દ્વારા મતદાર યાદી સુધારણાની કામગીરી જે હાથ પર લેવામાં આવી છે તે પણ અંતિમ તબક્કામાં હોવાથી પંચે તેનો કાર્યક્રમ ટુંકાવ્યો હોવાનું મનાઈ રહ્યું છે.

પંચની ગુજરાત મુલાકાતને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે તેમજ રાજકીય પક્ષો દ્વારા પણ પંચ પર વારંવાર મતદાર યાદીઓને લઈ રજુઆતો થતી હોવાથી પંચે આ વેળાએ મતદાર યાદી શુધ્ધ અને ક્ષતિ રહિત બને તે માટેના ભરપૂર પ્રયાસો કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર



રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર પ્રણવ મુખર્જીએ ગુરૂવારે અમદાવાદમાં ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. પરંપરાગત રીતે અહીં પધારતાં દરેક મુલાકાતી મહાનુભાવોની જેમ પ્રણવ મુખર્જીએ રેંટીયો કાંતિને ગાંધીજીની સ્મૃતિ તાજી કરી હતી.

### ચૂંટણી પંચે અત્યંત ઝીણવટભરી વિગતો માગતા તંત્ર કામે લાગ્યું

ગાંધીનગર, તા. ૫

સોમવારે આવી રહેલા કેન્દ્રીય ચૂંટણી પંચે અત્યંત ઝીણવટભરી વિગતો તંત્ર પાસે માંગતા તંત્ર દ્વારા તે અંગેની જોરશોરથી કવાયત હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ચૂંટણી પંચે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈ છેલ્લા ૩ વર્ષમાં જિલ્લાઓમાં બનેલા ગુનાઓ, ચૂંટણી સંબંધી ગુનાઓ તેમજ ત્રણ વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતા અધિકારીઓ કર્મચારીઓ અંગેની વિગતો સહિત કેટલા વધારાના ફોર્સની જરૂરિયાત રહેશે તે અંગેની વિગતો પણ માંગી છે.

પંચે તંત્ર પાસે નોડલ ઓફિસરોની નિયુક્તી ઉપરાંત આચારસંહિતા ભંગની ફરિયાદો તેમજ તેના નિકાલ માટેની વ્યવસ્થા,

● અનુસંધાન પાન-૭ પર




# સાણંદમાં સ્માર્ટ કોમ્યુનિટી પ્રોજેક્ટને જાપાનની મિત્સુબીશી ડેવલપ કરશે

## કંપનીએ એક વર્ષના ટૂંકા ગાળામાં ફિઝિબીલીટી રિપોર્ટ પણ તૈયાર કરી દીધો

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૫

અમદાવાદ પાસેના સાણંદને ઓટો હબ બનાવ્યા પછી રાજ્ય સરકારે સ્માર્ટ કોમ્યુનિટી પ્રોજેક્ટ દાખલ કર્યો છે, જેની કામગીરી મિત્સુબીસી કોર્પોરેશન ઈન્ડિયાને સોંપવામાં આવી છે. આ કંપનીએ તેનો ફીઝીબિલીટી રિપોર્ટ તૈયાર કર્યો છે જે સરકારમાં રજૂ થઈ રહ્યો છે.

આગામી ૯ થી ૧૧ જુલાઈએ મિસ્તુબીસી કંપનીની એક ટીમ ગુજરાતની મુલાકાતે આવી રહી છે. આ ટીમ સાથે રાજ્યના ઉદ્યોગ વિભાગ તેમજ જીઆઈડીબીના અધિકારીઓ ચર્ચા કરશે.

સાણંદમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓ ઉભી કરવા સરકારે અગાઉ સ્માર્ટ કોમ્યુનિટી ડેવલપમેન્ટ કમિટી બનાવી હતી તેની ભલામણોના આધારે સાણંદમાં રસ્તા ઉપરાંત, પાણી, લાઈટ, સેનિટેશન વ્યવસ્થા, ટ્રાન્સપોર્ટેશન તેમજ તેને સંલગ્ન સુવિધાઓ ઉભી કરવાની થાય છે. આ કામગીરી મિસ્તુબીસી કોર્પોરેશન ઈન્ડિયાને આપવામાં આવી છે અને તે જાપાનની કંપની છે. નિર્ધારિત કરવામાં આવેલી બેઠકમાં ઉદ્યોગ અગ્રસચિવ મહેશ્વર શાહુ તેમજ જીઆઈડીબીના એ.કે.શર્મા ઉપસ્થિત રહેશે.

આ કંપની તેના પ્રતિનિધિઓ સાથે આવી રહી છે. ઈન્ટીગ્રેટેડ

● અનુસંધાન પાન-૭ પર







